EDI

Divyabhaskar

April 3, 2015
Page No. 1
City Bhaskar



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાં દ્વારા 6 વીકના ચાર પ્રોગ્રામ્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એક રસપ્રદ પ્રોગ્રામ હતો 'એમ્પાવરિંગ વુમન થ્રુ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ'. જેમાં 24 દેશોનાં 29 પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો. અન્ય ત્રણ પ્રોગ્રામ્સ માટે પણ ફોરેનથી સ્ટુડન્ટ્સ આવ્યા હતા અને અહીં આંત્રપ્રિન્યોરશિપના પાઠ શીખ્યા હતા.

# આંત્રપ્રિન્યોરશિપ દ્વારા વુમન એમ્પારમેન્ટ

**EDI UPDATE**

સિટી રિપોર્ટર • આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ દ્વારા 4 પ્રોગ્રામ્સનુ 6 વીક દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા ઈન્ટરનેશનલ બિલ્ડિંગ પ્રોગ્રામ્સ (આઈટીઈસી) હેઠળ તેને સ્પોન્સર કરવામાં આવ્યાં છે.

આ ચાર પ્રોગ્રામ્સમાં 'સસ્ટેનેબલ લાઈવલીહૂડ એન્ડ મેઈનસ્ટ્રીમિંગ વિધ માર્કેટ', 'આંત્રપ્રિનન્યોરિયલ મેનેજમેન્ટ', 'એમ્પાવરિંગ વુમન થ્રુ આંત્રિપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ' અને 'આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન ટુ સ્ટ્રેન્થન ઈમર્જીંગ ઈકોનોમિઝ'નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિશે માહિતી આપતાં પ્રોગ્રામ ડાયરેક્ટર પી. ગણેશે જણાવ્યું કે, અમે આ વખતે સૌપ્રથમ વખત 'એમ્પાવરિંગ વુમન થ્રુ આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ'નું આયોજન કર્યું છે, તેનો હેતુ એ છે કે મહિલાઓ પોતાનું એન્ટરપ્રાઈઝ ઊભું કરીને રોજગારીની તકો ઉભી કરવા માટે સક્ષમ બને. આ પ્રકારની તાલીમ તેમને સમાજમાં પોતે આગળ આવીને પોતાનાં એન્ટરપ્રાઈઝ શરું કરવા માટે પ્રેરિત કરે છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, આ પ્રોગ્રામમાં અમે યુવતીઓને ટૂલ્સ અને ટેકનિક્સનું નોલેજ આપીશું. તેમને તેમનાં દેશમાં જે રિસોર્સિસ ઉપલબ્ધ હોય તેમાં તેઓ શું બિઝનેસ કે એન્ટપ્રાઈઝ સ્થાપી શકે તે માટેનું માર્ગદર્શન તેમજ ત્યાં ઈડીઆઈનું સેન્ટર પણ સ્થાપીને તેમને મદદ કરીશું. તદઉપરાંત તેમને લીડરશીપ અને મેનેજરિયલ ક્ષમતા શીખવીશું.

## સસ્ટેનેબલ લાઇવલીહૂડ્સ

આ પ્રોગ્રામમાં 15 દેશોનાં 32 પાર્ટિસિપન્ટ્સ આવ્યાં હતાં. જેનો ઉદ્દેશ સસ્ટેનેબલ લાઇવલીહૂડમાં સમજ કેળવીને પ્રોફેશનલ્સને તૈયાર કરવા અને તેમની સ્કિલ્સને ડિઝાઇન, સ્ટ્રેટેજાઇઝ કરવાનો છે.

## આંત્રપ્રિન્યોરિયલ મેનેજમેન્ટ

આ પ્રોગ્રામનો ઉદ્દેશ છે કે દરેક પાર્ટિસિપન્ટ્સને ઓર્ગેનાઇઝેશનલ ફ્રેમવર્ક તૈયાર કરવામાં મદદ કરવામાં આવે. તેમજ તેમને આંત્રપ્રિન્યોરિયલ મેનેજમેન્ટની પ્રેક્ટિસ કરાવવામાં આવે, જેથી તેઓ આંત્રપ્રિન્યોરિયલ કલ્ચર અને ઓર્ગેનાઇઝેશનનાં દરેક લેવલને સમજી શકે. આ પ્રોગ્રામમાં 23 દેશોનાં 29 પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો.

## એજ્યુકેશન ટુ સ્ટ્રેન્થન ઇમર્જીંગ ઇકોનોમિઝ

આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન ટુ સ્ટ્રેન્થન ઇમર્જીંગ ઇકોનોમિઝ પ્રોગ્રામમાં 14 દેશોમાંથી 20 પાર્ટિસિપન્ટ્સે ભાગ લીધો હતો. જેમાં પાર્ટિસિપન્ટ્સને આંત્રપ્રિન્યોરશિપનાં શરૂઆતનાં તબક્કા વિશે તેમજ ફેમિલિ બિઝનેસની સફળતા વિશે શીખવવામા આવ્યું. આ ઉપરાંત વુમન આંત્રપ્રિન્યોર અને ઇન્ટ્રાંપ્રોપ્રિનિયોર વિશેની પણ માહિતી આપવામાં આવી.